# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/302 Dt. 19/01/2026

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## સાંધાના દુખાવા અને ઓટો ઈમ્યુન રોગો અંગે જાગૃતિ સેમિનાર

### રૂમેટોઇડ આર્થરાઈટિસ માત્ર સાંધા જ નહીં, કિડની અને હૃદયને પણ નુકસાન કરી શકે; સ્મોકિંગ છે સૌથી મોટું જોખમ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર તા. 18 જાન્યુઆરીના રોજ સવારે 10:30 કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે હેલ્થ સિરીઝ અંતર્ગત સાંધાના રોગો અને તેના નિવારણ-ઓટો ઈમ્યુન વિકાર વિશે અંગે એક વિશેષ શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના નામાંકિત રૂમેટોલોજિસ્ટ્સે ઉપસ્થિત રહીને લોકોને આરોગ્યલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સિનિયર રૂમેટોલોજિસ્ટ ડૉ. બંકિમ દેસાઈએ કહ્યું કે સંધિવા-આર્થરાઈટિસના લક્ષણો અને બીમારીનું નિદાન અને સારવાર એટલે રૂમેટોલોજી. ગાઉટ અને રૂમેટોઇડ આર્થરાઈટિસ વચ્ચે ઘણો મહત્વનો તફાવત છે એટલે તેનું નિદાન થવું ખૂબ જરૂરી છે. આનાથી તેને વધતો અટકાવી શકાય છે અને 90% કેસોમાં ઘણું સારું થઈ જતું હોય છે. સુગર અને પ્રેસરની જેમ આર્થરાઈટિસને કાબૂમાં લાવી શકાય છે. મહિલાઓમાં તે થવાની શક્યતા વધુ રહેતી હોય છે. સંધિવા નાના બાળકોને પણ થઈ શકે છે. તેમણે રૂમેટિક ફિવર વિશે પણ માહિતી આપી હતી.

તેમણે કહ્યું કે રૂમેટોઇડ આર્થરાઈટિસની બીમારી ઓટો ઈમ્યુન ડિસીઝ છે, તેના કૉમ્પ્લિકેશન પણ ઘણા છે. તે કિડની, ફેફસા, હૃદય સહિત તમામ અવયવોને અસર કરી શકે છે. તેમણે ચેતવણી આપી કે તમામ રૂમેટોઇડ રોગોને સ્મોકિંગ સાથે સીધો સંબંધ છે.

ડૉ. નિશિલ શાહે લોકોમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓનું ખંડન કરતા કહ્યું કે દવાઓ ખરાબ નથી, રોગ વધારે ખરાબ હોય છે. અન્ય રૂમેટોલોજિસ્ટ ડૉ. નિશાંત દેસાઈએ પણ આ રોગ વિશે લોકોને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, વ્યવસાયિકો અને સભ્યો સેમિનારમાં ઉપસ્થિત રહ્યાં હતા.

ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડૉ. પારુલ વડગામાએ આ કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતમાં આભારવિધિ ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી યોજાઈ હતી, જેમાં ત્રણેય તબીબીઓએ લોકોને મૂઝવતા પ્રશ્નોના જવાબો આપ્યા હતા.